# પ્રકરણ ૨૧

# જગત મારા ઘરમાં

## ખેંચતાણ

C9V9V5



દરરોજની જેમ આજે પણ મમતાના ઘરમાં ઝઘડો શરૂ થયો કે ટી.વી. પર કયો કાર્યક્રમ (programme-પ્રોગ્રામ) જોવો? મમતાનો ભાઈ ક્રિકેટમૅચ જોવા ઇચ્છે છે, જ્યારે નાનકડી સેજલ પોતાનાં મનપસંદ ગીતો. મમ્મી અને કાકી આમ તો ખાસ સખીઓ છે, પણ તેમની પસંદગી જુદી જુદી છે. મમ્મીને સમાચાર જોવા ગમે તો કાકીને ધારાવાહિક (serial-સીરિયલ). મમતાને કાર્ટૂન જોવું છે અને પપ્પાને ફૂટબૉલ મૅચ. પપ્પા કહે છે કે તેઓને સાંજે જ ટી.વી. જોવા મળે છે. અંતે દરેક જણે ફૂટબૉલ મૅચ જ જોવી પડી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો વાત કરીએ :

- શું તમારા ઘરમાં પણ પંખા, ટીવી, સમાચારપત્રો, ખુરશીઓ કે કોઈ બીજી વસ્તુઓ માટે દલીલ /ઝઘડો થાય છે ?
- તમારા ઘરમાં આવા ઝઘડા કોણ પતાવે છે ?
- તમારા ઘરના કોઈ રસપ્રદ બનાવ વિશે વાત કરો, જ્યારે કોઈ વસ્તુઓ માટે ઝઘડા થયા હોય.
- તમે લોકોને બીજે ક્યાંય ઝઘડતાં જોયા છે ?

## તફાવત કેમ ?

સાંજના ૭:૦૦ વાગ્યા છે. પ્રતિભા તેની બહેનપણીના ઘરેથી દોડતી-દોડતી પોતાના ઘરે જઈ રહી છે. તેના ભાઈઓ સંદીપ અને સંજય તેમના મિત્રો સાથે શેરીમાં રમવામાં વ્યસ્ત છે. તેઓને ઘરે જવાની ઉતાવળ નથી. જો તેઓ ઘરે મોડા જાય તોપણ તેમને કોઈ લડશે નહિ.



પ્રતિભાને લાગે છે કે આ બરાબર નથી. તેના માટે અલગ નિયમ અને તેના ભાઈઓ માટે બીજો નિયમ. આવું કેમ ? પરંતુ તે શું કરે ?

## ચાલો, વાત કરીએ :

- આ બાબતમાં તમારા ઘરમાં અથવા તમારા મિત્રોના ઘરમાં આવું થાય છે ? તમે તેના વિશે શું વિચારો છો ?
- શું તમે વિચારો છો કે છોકરા અને છોકરીઓ, પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ નિયમો હોવા જોઈએ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- જો છોકરીઓએ છોકરાઓ માટેના અને છોકરાઓએ છોકરીઓ માટેના પરંપરાગત (traditional -ટ્રેડીશનલ) રીતે ચાલ્યા આવતા નિયમો પાળવાના હોય તો શું થશે ? વિચારો.

## મીનાકાકી



એક દિવસ મીનાકાકી, પિન્ટુ અને પિન્કી તથા તેમના મિત્રોને દરિયાકિનારે લઈ ગયાં. તેઓ રેતી અને પાણીમાં રમ્યાં. ચકડોળની સવારી કરી. ત્યારબાદ તેમણે ભેળપૂરી ખાધી અને ફુગ્ગાઓ લીધા. પછી દરેકે બરફગોળો - કુલફીની મજા માણી. કુલફી વેચનારે પૈસા લેવામાં ભૂલ કરી. તેણે સાતને બદલે પાંચ કુલફીના પૈસા જ ગણ્યા. બાળકોએ વિચાર્યું, ''આપણા પૈસા બચ્યાં.'' પરંતુ મીનાકાકીએ કુલફી વેચનારને સાત કુલફીના પૈસા ચૂકવ્યા.

મીનાકાકીએ તે દિવસે જે કર્યું તે બાળકો હંમેશાં યાદ રાખશે.

- તમારી કલ્પનાથી આ વાર્તાનો અંત બદલાવીને વાર્તા તમારી નોટબુકમાં લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારા કુટુંબમાં કોઈ મીનાકાકી જેવું છે ? કોણ ?
- જો મીનાકાકીએ કુલફી વેચનારને ઓછા પૈસા ચૂકવ્યા હોત તો બાળકોએ શું વિચાર્યું હોત ? આ વિશે તમે શું વિચારો છો ?

## હું શું કરું ?



અક્ષય તેની દાદીને ખૂબ ચાહે છે. તેની દાદી પણ તેને ખૂબ જ વહાલ કરે છે. તે સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી છે. અનિલ અક્ષયનો મિત્ર છે. તેની દાદીને પણ અનિલ પસંદ છે, પરંતુ એક વાત તે વારંવાર કહે છે કે તેણે અનિલના ઘરે કોઈ વસ્તુ ખાવાની કે પીવાની નહિ. કારણ કે તેના ઘરે અવારનવાર (frequently-ફ્રિક્વન્ટલી) કોઈ ને કોઈ બીમાર રહે છે.

એક દિવસ અનિલના ઘર નજીકના મોટા મેદાનમાં વૉલીબૉલ મૅચ હતી. તે દિવસે ખૂબ ગરમી હતી અને દરેક જણ મૅચ પછી ખૂબ જ થાક્યા હતા અને તરસ્યા પણ થયા હતા. અનિલે બધાને તેના ઘરે આમંત્રણ આપ્યું. અનિલની માતાએ બધાને પાણી આપ્યું, બધાએ પાણી પીધું. જ્યારે અનિલે પાણીનો પ્યાલો અક્ષયને આપ્યો. તેને અચાનક તેનાં દાદીની ચેતવણી(warning -વૉર્નિંગ) યાદ આવી. અક્ષય અનિલ સામે જોઈ રહ્યો હતો, તે જાણતો ન હતો કે શું કરે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વિશે વાત કરો :

- તમને શું લાગે છે, અક્ષય શું કરશે ?
- અક્ષય કેમ ગૂંચવણમાં છે ?
- અક્ષયની દાદીએ તેને અનિલના ઘરે પાણી પણ ન પીવાની ચેતવણી કેમ આપી ?
- તમે અક્ષયની દાદી સાથે સહમત છો ?
- તમારા મતે અક્ષયે શું કરવું જોઈએ ?

## કોણ નક્કી કરશે ?

કરશન ખૂબ જ મોટા કુટુંબમાંથી આવે છે. કુટુંબમાં ખેતી અને પૈસાની બાબતોનું તમામ કામ તેના મોટા કાકા સંભાળે છે. કુટુંબના નાના-મોટા તમામ નિર્ણયો પણ તેઓ જ લે છે.




અત્યાર સુધી તો કરશન ખેતરમાં જ કામ કરતો. પરંતુ, હવે તેને કંઈક અલગ કરવું છે. તેને બૅન્કમાંથી અમુક રૂપિયા લઈ અને અનાજ દળવાની ઘંટી ખરીદવી છે. તેમના ગામમાં ઘંટી નથી. કરશનને પોતાના પર વિશ્વાસ છે કે આ નવા કામથી તેના કુટુંબને ખૂબ જ ફાયદો થશે. પિતાજીને તો તેણે મનાવી લીધા, પરંતુ તેના મોટા કાકા તેની વાત સાંભળવા જ તૈયાર નથી.

**શિક્ષક માટે :** આ ઉદાહરણો આપણી રોજિંદા જીવનમાં થતી પરિસ્થિતિઓ પર પ્રતિબિંબ (reflect-રિફ્લેક્ટ) પાડે છે. આ વારંવાર આપણને અસર કરે છે. બાળકોને તેના વિશે વિચારવા કહો અને વર્ગમાં ચર્ચા પણ ગોઠવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વિશે વાત કરો :

- તમે જો કરશનની જગ્યાએ હોત તો શું કરત ?
- તમારી સાથે આવું ક્યારેય થયું છે કે તમારે કંઈક કરવું હોય અને તમારા કુટુંબના વડીલો તમને તેના માટે મંજૂરી ન આપે ?
- તમારા ઘરમાં મહત્ત્વના નિર્ણયો (decisions-ડિસિઝન્સ) કોણ લે છે ?
- તમારા કુટુંબમાં એક જ વ્યક્તિ બધા માટે નિર્ણયો લે તો તમને કેવું લાગે ?



## મને આ પસંદ નથી !

મીના અને રિતુ લંગડી રમી ઘરે જઈ રહી હતી. મીનાએ રિતુનો હાથ ખેંચી કહ્યું, ''આવ, મારા ઘરે આવ.'' '' તારા કાકા ઘરે છે ? જો તે હશે, તો હું નહિ આવું.'' રિતુએ જવાબ આપ્યો.



D8D3A1

''પણ તું આ શું કહે છે ? કાકા તને પસંદ કરે છે. તે કહે છે તારી મિત્ર રિતુને ઘરે લઈ આવ. હું તમને બંનેને ઘણીબધી ચોકલેટ આપીશ.''

રિતુએ તેનો હાથ મીના પાસેથી છોડાવી કહ્યું, ''મને તારા કાકાથી ડર લાગે છે. તે મારો હાથ પકડે છે તે મને ગમતું નથી.''

આટલું કહીને, રિતુ ઘરે જતી રહી.

**શિક્ષક માટે :** રિતુને થયેલા અનુભવો બીજાં બાળકોને પણ થયા હશે. જો બાળકો વર્ગમાં આ ચર્ચા કરશે તો, તે તેમના વિશ્વાસને બાંધવા અને સહારાની અનુભૂતિ કરાવવા મદદ કરશે. કોઈ બાબતે તમને લાગે તો થોડાં બાળકોને વ્યક્તિગત રીતે બોલાવી વાત કરી શકો છો. જો શાળામાં સલાહકાર હોય તો તમે તેમની મદદ લઈ શકો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વિશે વાત કરો :

- તમને ક્યારેય કોઈનું અડવું પસંદ ન હોય એવું બન્યું છે ? કોનું અડવું તમને પસંદ નથી ?
- જો તમે રિતુની જગ્યાએ હોવ, તો શું કરો ?
- જ્યારે આવી ઘટના બને ત્યારે બીજું શું કરી શકાય ? ચર્ચા કરો.
- દરેકનું અડવું સરખું હોતું નથી. રિતુને મીનાના કાકા હાથ પકડે તે પસંદ નથી, પરંતુ તેને મીના હાથ પકડે તે પસંદ છે. તમે વિચારો આ તફાવત કેમ છે ?



**શિક્ષક માટે :** બાળકો જ્યારે તેમના કુટુંબના સભ્યોના કેફી પદાર્થોના સેવનની વાતોની આપ-લે કરે ત્યારે ખૂબ સાવચેતી અને સંવેદનશીલતાપૂર્વક લેવી. કેફી / નશીલા પદાર્થોની નુકસાનકારક(harmful-હાર્મફૂલ) અસરોની વર્ગમાં ચર્ચા કરી શકાય છે. આ પ્રકારના મુદ્દાઓની તાલીમ કાર્યક્રમોમાં ચર્ચા કરી શકાય.

આ કુટુંબનાં બાળકો (કેફી પદાર્થોનું સેવન કરતાં) પણ આ પ્રકારની આદતો / ટેવોની ઝપટમાં આવી જઈ શકે છે. તેઓને તેમાંથી બચાવવા સમયસર પ્રતિક્રિયા કરવી પડે. શિક્ષકના સૂચનથી બાળકો દ્વારા આ વિષય પર ચાર્ટ અને પોસ્ટર બનાવડાવી શકાય છે અને વર્ગમાં ચર્ચા કરી શકાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in